# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2026-27/93 Dt. 04/09/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર અને બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન દ્વારા પી.પી. સવાણી યુનિવર્સિટીમાં 'NRI મેરેજ અવેરનેસ સેમિનાર' યોજાયો

### ગ્રીનકાર્ડ કે એજન્ટોની વાતોમાં ભોળવાયા વગર વિદેશી મુરતિયાની કાયદાકીય અને આર્થિક સ્થિતિ ચકાસીને જ લગ્ન કરવા: એડવોકેટ પ્રીતિ જોશી

### વિદેશમાં માત્ર ભારતીય જ નહીં પણ જે તે દેશના જટિલ આંતરરાષ્ટ્રીય કાયદા લાગુ પડે છે, આંધળો વિશ્વાસ જોખમી સાબિત થઇ શકે છે

*સુરત, 04 સપ્ટેમ્બર 2026:*

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI), ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન (ગાંધીનગર) તેમજ ચેમ્બર સંચાલિત NRG સેન્ટરના સંયુક્ત ઉપક્રમે માંગરોળ સ્થિત પી.પી. સવાણી યુનિવર્સિટી ખાતે 'NRI મેરેજ અવેરનેસ સેમિનાર' યોજાયો હતો. આ કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટના જાણીતા ધારાશાસ્ત્રી અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય એડવોકેટ પ્રીતિ જોશીએ વિદેશમાં સ્થાયી થયેલા યુવકો સાથે લગ્ન કરવા ઇચ્છુક યુવતીઓને કાયદાકીય તકેદારીઓ અને જોખમો અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સેમિનાર સંદર્ભે સંદેશ પાઠવતાં જણાવ્યું હતું કે, "આજના ગ્લોબલ યુગમાં વિદેશમાં સ્થાયી થવું કે NRI પરિવારો સાથે સંબંધ બાંધવો એ સામાન્ય બન્યું છે, પરંતુ ઘણીવાર વિદેશના ચમકદમકભર્યા જીવનના આકર્ષણ કે સામાજિક મોભાની લાલચમાં પરિવારો પૂરતી તપાસ કરવાનું ચૂકી જાય છે. સંબંધોમાં વિશ્વાસ અનિવાર્ય છે, પણ સાથે જ કાયદાકીય અને સામાજિક વાસ્તવિકતાની સજાગતા હોવી એટલી જ જરૂરી છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, "આજના ડિજિટલ સમયમાં ઓળખાણ અને સંબંધો બહુ ઝડપથી બંધાઈ જાય છે. પરંતુ જ્યારે આ સંબંધ લગ્નમાં પરિણમતો હોય અને ખાસ કરીને પાત્ર વિદેશમાં સ્થાયી થયેલું હોય ત્યારે પરિવારે વિશેષ સાવચેતી અને અગમચેતી રાખવી અનિવાર્ય બને છે."

## વિદેશમાં સ્થાનિક કાયદા અને ભાષાની મર્યાદા સૌથી મોટો પડકાર: એડવોકેટ પ્રીતિ જોશી

મુખ્ય વક્તા શ્રીમતી પ્રીતિ જોશીએ વિદ્યાર્થીનીઓને સાવચેત કરતાં જણાવ્યું હતું કે, "વિદેશ જઈને વસનારાઓની સંખ્યા વધવાની સાથે NRI લગ્નોમાંથી ઊભા થતા વિવાદો પણ ચિંતાજનક રીતે વધ્યા છે. આવા લગ્નોમાં માત્ર ભારતીય કાયદા નહીં પરંતુ જે તે દેશના જટિલ કાનૂની માળખા અને આંતરરાષ્ટ્રીય કાયદા લાગુ પડે છે. અજાણ્યા દેશમાં ભાષાની મર્યાદા, સ્થાનિક પોલીસ અને લીગલ સિસ્ટમની અજાણકારી, તાત્કાલિક આર્થિક કે સામાજિક આશ્રયનો અભાવ યુવતીઓને ગંભીર સંકટમાં મૂકી શકે છે. આથી ત્યાંની સંસ્કૃતિ, જીવનશૈલી અને પારિવારિક માહોલ સમજીને જ નિર્ણય લેવો જોઈએ."

## NRI સાથે લગ્ન પૂર્વે ધ્યાને રાખવા જેવી બાબતો:

- લગ્ન માટે કોઈ બ્યુરો, દલાલ કે મધ્યસ્થી પર આંધળો વિશ્વાસ મૂકવો નહીં.
- માત્ર ગ્રીનકાર્ડ કે વિદેશ જવાના વચનોથી ભોળવાઈને ઉતાવળે લગ્ન ન કરવા તેમજ ક્યારેય બનાવટી દસ્તાવેજો બનાવવાની ભૂલ ન કરવી.
- સામેની વ્યક્તિ ખરેખર અપરિણીત છે કે છૂટાછેડા લીધેલ છે તેની સત્તાવાર ખરાઈ કરવી.
- યુવકના વિઝા કેવા પ્રકારના છે, સ્પાઉસ (પતિ/પત્ની) તરીકે ત્યાં રહેવાની કાયદેસર પાત્રતા મળશે કે નહીં, તેમજ તેની સંપત્તિ, નોકરી અને ઘરના સરનામાની સંપૂર્ણ તપાસ કરવી.

ગાંધીનગર સ્થિત બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના પ્રતિનિધિ મામલતદાર શ્રી ચૈતન્ય સંઘાનીએ રાજ્ય સરકારના પ્રતિષ્ઠાન અને સુરત NRG સેન્ટર દ્વારા અપાતી સહાયક સેવાઓ અંગે માહિતી આપી હતી. પી.પી. સવાણી યુનિવર્સિટીના ડેપ્યુટી રજિસ્ટ્રાર ડૉ. બિન્દેશ પટેલે શૈક્ષણિક પ્રવૃત્તિઓની વિગત રજૂ કરી હતી.

કાર્યક્રમનું સંચાલન NRG સેન્ટર સુરતના કો-ચેરમેન શ્રી ચેતન શેઠે કર્યું હતું, જ્યારે કો-ચેરમેન શ્રી શૈલેષ સુદાનીએ વક્તાનો પરિચય આપ્યો હતો. અંતમાં NRG સેન્ટરના ચેરમેન શ્રી કલ્પેશ લાઠિયાએ આભારવિધિ કરી હતી. સેશનના અંતે એડવોકેટ પ્રીતિ જોશીએ વિદ્યાર્થીનીઓના કાયદાકીય પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા.